# આઇસી15 ઇન્ડેક્સ 238 પોઇન્ટ ઘટ્યો

December 2, 2022

Share 0 Tweet Share Share

**મુંબઈ:** અમેરિકામાં ફેડરલ રિઝર્વને વ્યાજદર સંબંધિત નીતિ નક્કી કરવામાં મદદરૂપ થનારા રોજગારના આંકડાઓ જાહેર થવા પૂર્વે વૈશ્વિક સ્તરે ઈક્વિટી અને કોમોડિટીઝ માર્કેટમાં સાવધાનીનું વાતાવરણ હતું. ક્રીપ્ટોકરન્સી માર્કેટના બેન્ચમાર્ક આઇસી15 ઇન્ડેક્સમાં 238 પોઇન્ટનો ઘટાડો થયો હતો. એના ઘટકોમાંથી ડોઝકોઇન, એક્સઆરપી, બિનાન્સ અને સોલાના મુખ્ય ઘટેલા કોઇન હતા. યુનિસ્વોપ, પોલકાડોટ, અવાલાંશ અને ચેઇનલિંકમાં એકથી ત્રણ ટકાનો વધારો થયો હતો. બિટકોઇન 17,000 ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો અને માર્કેટ કેપિટલાઇઝેશન 853 અબજ ડોલર હતું.




દરમિયાન, યુનાઇટેડ કિંગડમના નાણાપ્રધાન એન્ડ્રુ ગ્રિફિથે કહ્યું છે કે તેઓ દેશને ક્રીપ્ટો ઉદ્યોગનું એક અગત્યનું કેન્દ્ર બનાવવા પ્રતિબદ્ધ છે. એફટીએક્સની નાદારીની સ્થિતિને લીધે આ લક્ષ્યમાં કોઈ ફેરફાર નહીં થાય.

અગાઉ, 3.0 વર્ષે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઇન્ડેક્સ – આઇસી15 શુક્રવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં 0.92 ટકા (255 પોઇન્ટ) ઘટીને 25,621 પોઇન્ટ બંધ રહ્યો હતો. ઇન્ડેક્સ 25,859 ખૂલીને 26,110ની ઉપલી અને 25,406 પોઇન્ટની નીચલી સપાટીએ ગયો હતો.

**IC15 ઇન્ડેક્સની હિલચાલ**

| **ખૂલેલો આંક** | **ઉપલો આંક** | **નીચલો આંક** | **બંધ આંક** |
|---|---|---|---|
| 25,859 પોઇન્ટ | 26,110 પોઇન્ટ | 25,406 પોઇન્ટ | 25,621 પોઇન્ટ |

*ડેટાનો સમય: 2-12-22ની બપોરે 4.00 (ભારતીય સ્ટાન્ડર્ડ ટાઇમ)*

Share 0 Tweet Share Share

[ *અમને ફોલો કરો:* **Facebook** | **Twitter** | **Instagram** | **Telegram**
*તમારા મોબાઇલમાં **9820649692** આ નંબર **Chitralekha** નામે સેવ કરી અમને વ્હોટસએપ પર તમારું નામ અને ઈ-મેઈલ લખીને મોકલો અને તમને મનગમતી વાંચન સામગ્રી મેળવો .*]